# પંચાયતની સામાન્ય સભામાં નારાજગીનો સૂર ગૂંજ્યો

**બળદેવજીએ તલાટીઓની બદલીના મુદ્દે; અરવિંદસિંહે તંત્રની ઉદાસીન કામગીરી અંગે તો દિનેશજી ઠાકોરે રાજકીય નારાજગીના સૂર છેડ્યા જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા પ્રસ્તાવ પસાર કરાયો**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભાએ આમ તો સર્વાનુમતે તેના નિર્ણયો કર્યા પરંતુ આ સભા એ 'નારાજગીની અભિવ્યક્તી'ની સભા બની ગઈ હતી.

નવા વરાયેલા પ્રમુખ મંગુબેન પટેલના અધ્યક્ષદે મળેલ સામાન્યસભાનો આરંભ જ ગુસ્સાના સ્વરમાં શરૂ થયો હતો. આજની આ સભામાં ધારાસભ્ય બળદેવજી ઠાકોરે તલાટી કમ મંત્રીઓની બદલીઓના મુદ્દે ડીડીઓના નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે તમે એક તલાટીને બદલીને માત્ર ચાર ગામોમાં જ કેમ મુકો છો ?તે તલાટી જમીનની દલાલીનો ધંધો કરે છે. શેઠિયાઓના જ કામ કરે છે ? આ તલાટીને કેમ અન્ય ગામોમાં મુકવામાં આવતો નથી.

તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે આપે બદલીઓના આ

● અનુસંધાન પાન-૭ પર




## પંચાયતના સભ્યોને પણ માસિક ૧ ૨ હજાર પગાર અને ૫૦૦ રૂ. સીટીંગ ફી આપો

**સર્વાનુમતે સામાન્યસભાએ પ્રસ્તાવ પસાર કર્યો**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભાએ મનપાના કાઉન્સીલરોની જેમ પંચાયતના ચૂંટાયેલા સભ્યોને પણ માસિક રૂ.૧ ૨ હજાર પગાર પેટે તેમજ મીટીંગ ભથ્થા પેટે રૂ. ૫૦૦ આપવાની માંગણી કરતો પ્રસ્તાવ પ્રમુખસ્થાનેથી રજુ કરાયો હતો અને તે સર્વાનુમતે મંજૂર પણ કરાયો હતો.

પ્રસ્તાવનું વાંચન કરતાં કરોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે મહાનગરપાલિકાના કાઉન્સીલરોની જેમ પંચાયતના ચૂંટાયેલા સદસ્યોને પણ ગામે ગામ ફરવુ પડતુ હોય છે એટલુ જ નહિ સભ્યોને પણ આર્થિક સંકડાણનો સામનો કરવો પડી રહ્યો છે. જિલ્લામથક પણ વિસ્તાર કરતાં દૂર આવેલુ હોવાથી તેનો ખર્ચ પણ પોતે કરવો પડતો હોય છે. રાજ્ય સરકારે મનપાના કાઉન્સીલરોના પગાર ભથ્થા વધાર્યા છે તેમ પંચાયતના સદસ્યોને પણ માસિક રૂ. ૧ ૨ હજારનો પગાર અને બેઠક ફી રૂ. ૫૦૦ ચુકવવાના હુકમો સરકાર કરે તેમ આ સભા ઠરાવે છે.

## કોંગ્રેસને પ્રથમ ગ્રાસે મક્ષિકા : ૪ સભ્યોએ સમિતિના સભ્યપદેથી રાજીનામા ધરી દીધા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે નવી રચાયેલ ૮ સમિતિઓની રચના પૂર્ણ થયા બાદ કોંગ્રેસના ૪ સદસ્યોએ તેમના સમિતિના સભ્યપદેથી રાજીનામા આપી દીધા છે.

આ સદસ્યોએ સમિતિમાંથી રાજીનામા આપવા પાછળ કોઈ ચોક્કસ કારણો આપ્યા નથી પરંતુ રાજકીય વર્તુળોમાં થતી વાતો મુજબ સમિતિઓની રચનાને મુદ્દે તેમની નારાજગી વ્યક્ત કરવા માટે આ રાજીનામા આપ્યા છે.

સમિતિઓમાંથી જે સભ્યોએ રાજીનામા આપ્યા છે તેમાં ત્રણ મહિલા સદસ્યો છે તો એક પુરૂષ સદસ્ય છે. આ ચારેય સભ્યો રામાજી ઠાકોર જૂથના છે અને તેમના આ રાજીનામાની ગંભીર નોંધ પ્રદેશ સમિતિએ લીધી છે.

દિનેશજી ઠાકોરે આરોગ્ય સમિતિ તેમજ મહિલા બાળ વિકાસ સમિતિમાંથી, સોનલબેન પટેલે શિક્ષણ સમિતિમાંથી, ઝાલા કાન્તાબેન બાબુસિંહ આરોગ્ય અને મહિલા બાળકલ્યાણ સમિતિમાંથી તો રમીલાબેન કનુભાઈ પટેલે શિક્ષણ સમિતિના સભ્યપદેથી રાજીનામુ આપ્યુ છે.

આ સભ્યોએ તેમની નિમણુંકના વિરોધમાં રાજીનામાના પત્રો જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાને રૂબરૂ મળીને આપ્યા છે.

જિલ્લા વિકાસ અધિકારી કોયાએ જણાવ્યુ હતુ કે રાજીનામાના પત્રો મને મળ્યા છે પણ આ નિમણુંકો સામાન્ય સભાએ કરી છે અને રાજીનામા મંજૂર કરવાનો અધિકાર પણ સામાન્ય સભાને જ છે.

## બળવો થયો નથી અને સભ્યોના રાજીનામા એ તેમનો અંગત મુદ્દો છે : નિરંજન પટેલ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના નિરીક્ષક અને ધારાસભ્ય નિરંજનભાઈ પટેલે એક મુલાકાતમાં જણાવ્યુ હતુ કે સભ્યોએ બળવો કર્યો નથી અને સમિતિઓની રચનામાં તમામને સમાવવાનો પ્રયાસ કરાયો છે.

સભ્યોએ આપેલા રાજીનામાના મુદ્દે પુછતાં તેમણે કહ્યુ કે એ સભ્યોની અંગત બાબત છે. તેમની નારાજગી હશે તો પક્ષની સ્થાનિક નેતાગીરી તેમને સમજાવવા મજબુત છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યુ હતુ કે આ ચાના કપમાં આવેલો ઉભરો છે. ઘીના ઠામમાં ઘી પડી જશે અને ટીમ ગાંધીનગર મજબુત બનીને જ બહાર આવશે તેમાં કોઈ શંકા રાખવાની જરૂર નથી.

## આશાબેન રાઠોડની નિમણુંક ૪ સમિતિમાં કરાઈ

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની સામાન્યસભામાં એક મહિલા સદસ્યા રાઠોડ આશાબેન કાળાભાઈની નિમણુંક ચાર સમિતિમાં થવા પામી છે.

આથી હવે પંચાયત અધિનિયમની જોગવાઈઓને આધિન તેમને બે સમિતિમાંથી રાજીનામુ આપવુ પડશે. જોકે તેમણે જણાવ્યુ હતુ કે પક્ષની નેતાગીરી કહેશે તેમ અમે કરીશુ.

આશાબેન રાઠોડની કારોબારી, શિક્ષણ, ઉત્પાદન અને સહકાર તેમજ મહિલા બાળ વિકાસ સમિતિમાં નિમણુંક કરવામાં આવી છે. ઘણા સભ્યોની બે-બે સમિતિમાં નિમણુંક કરવામાં આવી છે.

**બેચરજી ઠાકોરે ટ્રાફિક હળવો કરવાની કુનેહ વાપરી**

જિલ્લા પંચાયતની સામાન્ય સભા પહેલાં જિલ્લા પંચાયતના સર્વિસ રોડ પર જામ થયેલા ટ્રાફિકને હળવો કરવા કુડાસણના ચૂંટાયેલા કોંગ્રેસી સભ્ય બેચરજી ઠાકોરે આજે કુનેહપૂર્વક ટ્રાફિક નિયમન કરી ગણતરીની પળોમાં ટ્રાફિકને હળવો કર્યો હતો. જોકે પંચાયત પ્રમુખ મંગુબેન અને પૂર્વધારાસભ્ય કામિનીબાને ચાલતા જતા જોઈ બેચરજી ઠાકોર, કોંગ્રેસ અગ્રણી શિવરામભાઈ ચૌધરી તેમજ કેટલાક કાર્યકરો પણ ચાલતા જ સામાન્ય સભામાં પહોંચ્યા હતા.

**પંચાયત પ્રમુખ ચાલીને સામાન્ય સભામાં પહોંચ્યા**

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે ૨.૫૯ મિનિટે યોજાયેલ સામાન્યસભા પહેલાં પંચાયતના સર્વિસ રોડ પર ટ્રાફિક જામ થઈ જતાં બેઠક શરૂ થવાને ૪ મિનિટની વાર હતી. આ ટ્રાફિકમાં પ્રમુખની ગાડી જ ફસાઈ ગઈ હતી. પ્રમુખ મંગુબેન પટેલ અને પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ ગાડીમાંથી ઉતરી પગે ચાલી સામાન્ય સભામાં હાજરી આપવા પહોંચ્યા હતા.

**કોંગ્રેસના બે અને ભાજપના એક સભ્ય ગેરહાજર**

આજની સામાન્ય સભામાં કોંગ્રેસના બે સભ્યો શંકરભાઈ ચૌધરી તેમજ સોનલબેન પટેલ ગેરહાજર રહ્યા હતા. શંકરભાઈ નાદુરસ્ત હોવાથી આવી શક્યા ન હતા તો સોનલબેન પટેલ સામાજિક કારણોસર હાજર રહ્યા ન હતા. ભાજપના રેખાબેન હિતેન્દ્રકુમાર પટેલ આજની બેઠકમાં સામાજિક કારણોસર હાજર રહ્યા ન હતા. આમ સામાન્યસભામાં ૩૦માંથી ત્રણ સભ્યો ગેરહાજર રહ્યા હતા. આ બેઠકમાં પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડને ધારાસભ્યોની સાથે બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી જેને લઈ પ્રેક્ષકોમાં તે અંગે થોડો ગણગણાટ થતો જોવા મળ્યો હતો.

**નિરીક્ષક અને આગેવાનો પંચાયત પ્રમુખની ચેમ્બરમાં બેઠા**

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં જિલ્લાના નિરીક્ષક ધારાસભ્ય નિરંજન પટેલ, પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને અન્ય આગેવાનોએ સામાન્ય સભા દરમ્યાન જિલ્લા પંચાયત પ્રમુખની ચેમ્બરમાં હાજર રહી સભ્યો પર નજર રાખી હતી.

**બેઠક શરૂ થતાં પહેલાં મેન્ડેટ અને સભ્યોની સહિ લેવાઈ**

સામાન્ય સભા શરૂ થતાં પહેલાં કોંગ્રેસના એક અગ્રણીએ કોંગી સભ્યોને મેન્ડેટની બજવણી કરી હતી એટલુ જ નહિ આ સભ્યોની મેન્ડેટ મળ્યા પર સહિઓ પણ લીધી હતી.




"બહુ ચાલ્યું આ મગફળી કાંડનું તો..!"

"આ તો બધાએ ચગાયુ, બાકી તો એમાં કાંઈ નથી, ગાંધી-વૈદ્યનું સહિયારૂ જ હોય છે."

"જુઓ, એવા શાણા થવાની જરૂર નથી, મગફળીમાં માટી ભેળવાઈ હતી એ તો હકીકત છે, કેટલાય કીલો મગફળી ચાઉ થઈ ગઈ હતી એ પણ હકીકત છે, હવે માત્ર પ્રશ્ન એટલો જ છે કે કોણે માટી ભેળવી અને કોણે ચાઉ કરી..?"

"હા... હા... એ જ, આટ-આટલી બૂમો પાડીને કહીએ છીએ કે નિષ્પક્ષ તપાસ કરાવો, નિષ્પક્ષ તપાસ કરાવો એટલે દૂધનું દૂધ અને પાણીનું પાણી..!!"

"હા... તે અમે ક્યાં ના પાડીએ છીએ. જવાબદારોને શોધી કઢાશે અને કડકમાં કડક સજા કરવામાં આવશે... કેટલીવાર કહેવુ આ..."

"સાહેબ, આ બધુ ભાષણોમાં શોભે... થાય ત્યારે ખરૂ અને અનુભવ એ કહે છે કે આવુ કંઈ થતુ નથી."

"એટલે..., એટલે, ...એટલે..?"

"... અટલે જે ભાષણોમાં ભરડાય છે, જેના દેકારા અને પડકારા થાય છે, જે ગાજી ગાજીને બોલાય છે એના સરવાળે સુરસુરીયાં થાય છે..."

"ના... ભાઈ... ના, અમે તો જે બોલીએ એ કરીએ, આ તો તમારો ભ્રમ છે."

"એમ, યાદ કરાવુ... રામ મંદિરની વાત યાદ કરાવુ, પંદર લાખનું યાદ કરાવુ, કાળા નાણાં પકડવાનુ યાદ કરાવુ, શુ યાદ કરાવું..? થાકી જશો સાહેબ, તમારો ભ્રમ ભાંગી જશે."

"ખોટી વાત... સાવ ખોટુ, તમે ખોટે ખોટા પ્રશ્નો ઉઠાવો છો. આપણે વાત ગુજરાતની કરીએ છીએ અને તમે કેન્દ્રની વાત કરો છો તો ક્યાંથી મેળ ખાય..."

"સાહેબ, વાત જ ના કરશો, કેટ-કેટલાય ચર્ચાસ્પદ મુદ્દાઓ ગુજરાતમાં ઉભા છે. આ તો અમારા પક્ષવાળા ઢીલા પડે છે એટલે તમારૂ ચાલે છે. બાકી તો ક્યારનોય જુઠ્ઠાણાઓનો પર્દાફાશ થઈ ગયો હોત."

"તમારી નબળાઈઓ પર રાજ નથી કરતા, અમારી શક્તિ અને આવડત પર રાજ કરીએ છીએ, અને તમને તો પાંચ-પાંચ વખત જાકારો મળ્યો છે તોય હજુ આશામાં ને આશામાં જીવ્યા કરો છો."

"અમારી આશા ખોટી નથી, હા... સંગઠનમાં થોડી કચાશ હશે, થોડી ઢીલાશ હશે, થોડી ઉદારતા હશે પણ તમારા જેવુ બોસીઝમ નથી. અમારે ત્યાં આંતરીક લોકશાહી મજબુત છે..."

"...એમ... લોકશાહીની વાતો કરનારા આપણા દેશના તમામ રાજકીય પક્ષોમાં ક્યાંય આંતરીક લોકશાહી નથી. કોઈપણ પક્ષ હોય, નાનો કે મોટો, પણ બધે જ એક હથ્થુ શાસન છે. માનો કે ના માનો હકીકત આ છે."

"સાચી વાત છે. આ ચિંતાજનક સ્થિતિ છે. લોકશાહીના ખેલ ખેલનારા પક્ષોમાં લોકશાહી નથી, છતાંય ડગલેને પગલે લોકશાહીના ગુણગાન ગાઈને, લોકશાહીની વાતો કરીને પ્રજાને છેતરવામાં બધા માહીર..."

"હા... આ જ ખાટલે ખોડ છે ને. જે નથી તે બધુ કહેવાય છે અને જે કહેવાય છે એમાનુ કશુ નથી. ખરૂ ને..!"

"હા... સાહેબ... હા..!!"

## શ્રાવણના પ્રારંભ પુર્વે શહેરમાં ભાદરવો તપ્યો

**મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી : વરસાદની ગેરહાજરી વચ્ચે ભરચોમાસે ઉનાળા જેવી ગરમીથી નગરજનો પરેશાન**

ગાંધીનગર તા ૧૦

શહેરમાં મેઘરાજા હેત વરસાવશે તેવી આશ ઠગારી નિવડયા બાદ વરસાદની ગરેહાજરી વચ્ચે મોસમનો મિજાજ ઉગ્ર બન્યો છે. શ્રાવણના પ્રારંભે નગરજનોએ આજે ભાદવરવા જેવી આકરી ગરમીનો અહેસાસ કર્યા હતો. આજે મહત્તમ તાપમાન પણ ૩૫ ડી ગ્રી પહોંચી ગયુ હતુ. બપોરના આકરા તાપ સાથે શહેરીજનો બફારાથી પરેશાન થયા હતા.

શહેરમાં ભરચોમાસે આકરા ઉનાળા જેવી ગરમીનો અહેસાસ થઈ રહયો છે. ગાંધીનગર અમદાવાદ સહીતના વિસ્તારમાં તા ૮ થી ૧૦ ઓગષ્ટ વરસાદ વરસશે હવામાન તજજ્ઞોએ વ્યકત કરેલી આ સંભાવના ઉપર પણ પાણી ફરી વળ્યુ છે. વરસાદ માત્ર હાઉકલી કરી વિદાય લઈ લેતા શહેરીજનો તપતા સુર્યપ્રકાશ વચ્ચે આકરી ગરમીનો અનુભવ કરી રહયા છે. વિચિત્ર મોસમના અહેસાસ વચ્ચે નગરજનો ઉનાળા જેવી આકરી ગરમી અનુભવી રહયા છે. અષાઢમાં ગાજયા મેઘ વરસ્યા નથી અને શ્રાવણના પ્રારંભ પુર્વે પણ વરસાદના કોઈ અણસાર નથી. ત્યારે શ્રાવણમાં મેઘરાજા સરવરિયા વરસાવશે કે કેમ તેની સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. ખેડુતો વાવણી ટાંણે પુરતો વરસાદ ન થતા ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. બીજીતરફ વરસાદની ગરેહાજરી વચ્ચે મહત્તમ તાપમાન વધી રહયુ છે. આજે પણ ભાદરવો તપતો હોય તેવી આકરી ગરમી નગરજનોએ અનુભવી હતી. ભાદરવાના આડે આખો શ્રાવણ

● અનુસંધાન પાન-૭ પર

## કોર્ટે વકીલને કસ્ટડીમાં લેવાનો આદેશ કરતા વકીલોનો સુત્રોચ્ચાર

**વકીલો કોર્ટ કાર્યવાહીથી અળગા : કોર્ટ રેકર્ડની અરજીઓ આરોપીના હાથમાં હોવાના મામલે વકીલની રજુઆત સામે કોર્ટે અયોગ્ય વર્તન કર્યુ : બાર એસોસિએશન**




ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરની ચીફ જયુ મે જી કોર્ટમાં આજે કોર્ટ કેસની કાર્યવાહી દરમિયાન કોર્ટે વકીલને કસ્ટડીમાં લેવાનો આદેશ કરતા કોર્ટ સંકુલમાં વકીલોએ ઉગ્ર સુત્રોચ્ચાર કરી વિરોધ કર્યો હતો. ગાંધીનગર બાર એસોસિએશને આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો ઠરાવ કર્યો છે.

ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ લાલસિંહ ગોહીલે ઠરાવમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર બાર એસોસિએશનની આજે બાર રૂમમાં મળેલી તાકીદની બેઠક દરમિયાન વકીલોએ અચોક્કસ મુદતની હડતાલના માધ્યમથી કામગીરીથી અળગા રેહવાનો ઠરાવ કર્યો હતો. ગાંધીનગરના વકીલ અને બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના સભ્ય કરણસિંહ વાઘેલા તેમના ફરિયાદી તરફે આજે ચીફ કોર્ટમાં હાજર હતા. જયોર કેસ દલીલોના સ્ટેજ પર હોવાથી તેમણે કોર્ટ સમક્ષ ડિસ્ટ્રીકટ જજે કેસ ડે ટુ ડે ચલાવવા હુકમ કર્યો હોવાનુ જણાંવ્યુ હતુ પક્ષકારે મુદત માટે કરેલી અરજીના અંતે વકીલ કરણસિંહે કોર્ટના હુકમની સર્ટીફાઈડ

● અનુસંધાન પાન-૭ પર

## સે-૧૬માં 'ચ' અને 'છ' કક્ષાના ૧૦૦ જેટલા કંગાળ આવાસો તોડી નંખાશે

ગાંધીનગર તા ૧૦

શહેરમાં જુના અને કંગાળ સરકારી આવાસો તોડીને નવા આવાસો બાંધવામાં આવી રહયા છે. અત્યાર સુધી સેકટરોમાં જુના અને જોખમી આવાસો તોડીને નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે તે મુજબ સે-૭ અને સે-૨૯ અને ૩૦ માં નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે હજુ પણ જોખમી આવાસોનો કડુસલો કરવા માટે તબક્કવાર કામ હાથ ધરવામાં આવે છે. સે-૧૬ માં ચ અને છ કક્ષાના ૧૦૦ આવાસો તોડવા માટે નિર્ણય લેવાયો છે. આ પૈકી ૩૬ આવાસો તોડવા માટેની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે.

શહેરમાં જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી હાલ મોટાભાગના આવાસો જોખમી હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી મકાનો તોડવામાં આવી રહયા છે. અગાઉ પ્રથમ તબક્કામાં નિકાલ હેઠળના મકાનો તોડવામાં આવ્યા હતા. જયારે નિકાલ હેઠળના મકાનોનો કડુસલો બોલાવાયા બાદ તંત્ર દ્વારા અન્ય ભયજનક આવાસો તોડવા માટે પણ તબક્કાવાર દરખાસ્ત કરવામાં આવી રહી છે. ત્યારબાદ પણ સેકટરોમાં જોખમી આવાસો તોડી જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. જયારે જુના અને કંગાળ સરકારી આવાસો પર બુલડોઝર ફેરવી દેવાયા બાદ નવા મકાનો પણ બાંધવામાં આવી રહયા છે. માર્ગ મકાન વિભાગ દ્વારા કર્મચારીઓ માટે નવી ટાવર કોલોની બાંધવામાં આવી રહી છે. સે-૭ અને સે-૨૯ માં ટાવર કોલોની બાંધવાનુ કામ પુર્ણ કરી દેવાયા બાદ હાલ આ આવાસોમાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ કરી દેવાયો છે. જયારે હાલ સે-૩૦ માં પણ નવા આવાસો તૈયાર કરવાનુ કામ પુર્ણ કરી દેવાશે. જયારે જુના આવાસો તાડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ સેકટરોમાં નવી ટાવર કોલોની બાંધવા માટે જગ્યાનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જેના અંતે ખાલી જગ્યાનો સર્વે કરી દેવાયા બાદ હવે ટુંકમાં સ્થળ પસંદગી કરી નવા આવાસો બાંધવા માટેની સાઈડ પણ આખરી કરી દેવાશે. જયારે હાલ સેકટરોમાં

**સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના સરકારી આવાસો તોડવા માટે તબક્કવાર કામ હાથ ધરવામાં આવે છે**

● અનુસંધાન પાન-૭ પર

સહર્ષ આમંત્રણ
"નાવિન્ય"
એક નવી સોચ...
તમારા વસ્ત્રભંડારને નવો ઓપ આપતી કલ્પના
પ્રદર્શનનું પ્રદર્શન અને નવા અને નવા જેવા પરિધાનની કિંમત નક્કી કરશો તમે
ના તો વેપારી કે ના તો ગ્રાહક, બન્ને ભૂમીકા અદા કરી શકશો એક સાથે
તારીખ: 11મી ઓગષ્ટ 2018
સ્થળ: માણેકબાગ હોલ
સમય: સવાર 10 કલાક થી રાત્રીના 8 કલાક સૂધી
ઉદઘાટક
અંજલીબેન વિજયભાઇ રૂપાણી
અતિથિ વિશેષ
શ્રીમતિ બીજલબેન પટેલ(મેયરશ્રી)
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન-સ્ટેન્ડીગ કમિટી મંજૂરી અનુસાર
Keep City Clean, keep City Green.
મીનુ : 99250 12802
અનિતા : 9825464098

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com